ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૧-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### એ માથું એકલા હેમરાજનું નહોતું

જમ્મુ-કાશ્મીરથી પુંછ સરહદે ધુમ્મસની આડશમાં કાયરતાભર્યો હુમલો કરી બે ભારતીય સૈનિકોની હત્યા કરનાર પાકિસ્તાની રૅન્જરોએ બેઉંનાં શરીર ક્ષતવિક્ષત કરી દઇ એમની ઘાતકી પાશવી વૃત્તિનો જ પરચો બતાવ્યો હતો. એટલું ઓછું હોય એમ એ હિંચક વરૂઓ મથુરાના હેમરાજસિંહનું માથું કાપીને લઇ ગયા. યુધ્ધના પણ નિયમો હોય છે. પરંતુ કાયર પાકિસ્તાની લશ્કર એવાં કોઇ બંધન કે નૈતિક મૂલ્યોનો આદર ન જ કરે, તે સમજી શકાય એવું છે. પાકિસ્તાનની બદદાનત તો એકાદ હમરાજનું માથું ઉતારી લેવાની કુચેષ્ટા કરતાં ઘણી વધારે ભયાનક છે. એનું ચાલે તો એ હિંદુસ્તાનનું માથું કાપી લઇ, ભારતે એની પૂર્વ પાંખ કાપી નાખી છે, એ અપમાનનો બદલો લેવા આતુર છે. કાશ્મીર એ મા ભારતીનું માથું છે, એની સામે છેક સુડતાલીસથી એનો ડોળો મંડાયેલો છે તે ન ભૂલીએ.

મહાભારતમાં વેરવૃત્તિથી પાડાતો અશ્વસ્થામા રાતના અંધારાનો લાભ લઇ શિબિરમાં ઊંઘી રહેલા પાંડવોના પાંચ માસૂમ પુત્રોનાં માથાં કાપી લાવે છે. યુધ્ધના નીતિનિયમોનું એ છડેચોક ઉલ્લંઘન હતું. પાંચ હજાર વર્ષ પછી એ જ ઘટનાનું પુનરાવર્તન જરા જુદા સંદર્ભે જોવા મળ્યું. હેમરાજ અને સુધાકર જેવા જવાંમર્દ ભારતીય સૈનિકો પર છેતરીને, ધુમ્મસની આડશમાં ધૃણાસ્પદ હુમલો કરી પાકિસ્તાની સૈનિકો એમની જાત પરખાવી છે. હેમરાજનું માથું કાપીને સાથે લઇ જનારા એ મૂર્ખ સિપાઇઓને ખબર નથી કે એમનું દુષ્કૃત્ય એમના દેશને કેટલું મોંઘુ પડશે. ભારત એ વિશ્વની મહાસત્તા છે અને એનું સૈન્યબળ પણ પાકિસ્તાન જેવા નાદાન દુશ્મનને ચપટી વગાડતામાં રાખનાં ઢગલામાં ફેરવી શકે એટલું વિશાળ છે. પરંતુ બે દેશોની પ્રજા વચ્ચે એવી કોઇ દુશ્મનાવટ નથી. પ્રજા તો હિંદુસ્તાન સાથે વધુ ને વધુ સુમેળપૂર્વક સંબંધો વિસ્તારવા માગે છે. બદનામ 'આઇએસઆઇ' અને પાક લશ્કરને એ કબૂલ નથી. કાશ્મીરનો પ્રશ્ન સતત દૂઝતું ખરજવું બની ગયો છે. પાક રાજકારણીઓ એને એમના રાજકારણનું મહોરૂં બનાવી જીવતો રાખવા પ્રયત્નશીલ છે. ભારતીય લશ્કર આ વખતની ધૃણાસ્પદ ચેષ્ટાથી સમસમી ઊઠ્યું છે. સરહદ પર યોજાયેલી બ્રિગેડિયર સ્તરની બેઠક તો એક ઔપચારિકતા છે, ભારતીય સૈન્યના વડા જનરલ વિક્રમસિંહે સ્પષ્ટ શબ્દોમાં પાકિસ્તાનને એની ઘૃણાસ્પદ હરકતનો અને 'સીઝ ફાયર'- યુધ્ધવિરામનો ભંગ કરી સીમા રેખા ઓળંગવાનો યોગ્ય જવાબ આપવાની ચીમકી ઉચ્ચારીને દેશની પ્રજાનું અને સૈન્યનું મનોબળ ટકાવી રાખ્યું છે. આ મુદે રાજકારણ ન રમાય અને એક સૂરમાં વાત થાય તે જરૂરી છે.

# ગુજરાત સરકારના સ્કોપ પ્રોજેક્ટનો અંતે ફિયાસ્કો

## કોલેજોને ફાળાયેલ કોમ્પ્યુટર હજુ ધૂળ ખાય છે : પ્રોજેક્ટને પાંચ વર્ષનો ગાળો થયો હોવા છતાં સ્થિતિ હજુ પણ યથાવત

ગાંધીનગર, તા.૧૫

રાજ્યસરકાર દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓમાં કોમ્પ્યુટરનું ટેકનીકલ જ્ઞાન વિકસે અને ગુજરાતનો યુવાન દુનિયા સામે અંગ્રેજી ભાષામાં વાત કરી શકે તેવા ઉદેશ્યથી સન ૨૦૦૭માં મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સ્કોપ અમલમાં મુકવામાં આવ્યો હતો. જો કે આ પ્રોજેક્ટના આજે પાંચ વર્ષ વિતાવા છતાં ત્યાંનાં ત્યાં છે. સરકાર દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત દરેક કોલેજમાં રૂપિયા ૧૫ લાખના ખર્ચે ૫૦૦ જેટલી કોલેજોમાં સ્કોપ પ્રોજેક્ટ અંતર્ગત તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી આજે ૫૦ કોલેજોમાં પણ આ કેન્દ્રો ચાલુ નથી.

ગુજરાતના યુવાનો ટેકનોલોજી અને અંગ્રેજીના જ્ઞાનમાં પાછળ પડતા હોવાની વાત રજુ કરી ગુજરાતના યુવાનોમાં કૌશલ્યોના વિકાસ માટે સ્કોપ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. મહત્વકાંક્ષી સ્કોપ પ્રોજેક્ટ મુજબ રાજ્યની આર્ટ્સ અને કોમર્સ કોલેજોમાં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર અને અંગ્રેજીના જ્ઞાન માટે કોલેજ સમય બાદ એક્સ્ટ્રા લેક્ટરોની વ્યવસ્થા કરવામાં આવી હતી આ માટે પાર્ટટાઈમ લેક્ટરોની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે રાજ્ય સરકારે રાજ્યની અંદાજે ૫૦૦ જેટલી કોલેજોને ૨૫-૨૫ કોમ્પ્યુટરો ફાળવ્યા હતા. વર્ગખંડ, ફર્નિચર, ઈન્ટરનેટ કનેકશન અને બીજી સુવિધાઓના વિકાસ માટે કોલેજ દીઠ રૂપિયા ૧૫-૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ નજીવી ફી ચૂકવીને કોમ્પ્યુટર અને અંગ્રેજીનું વૈશ્વિક કક્ષાનું જ્ઞાન મેળવી શકશે એવું સ્વપ્ર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના યુવાનોને બતાવ્યું હતુ. વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યની ૫૦૦ કોલેજોમાં શરૂ થયેલ સ્કોપનો આ પ્રોજેક્ટ અત્યારે ૫૦ કોલેજોમાં પણ કાર્યરત નથી. સૂત્રો દ્વારા મળી રહેલી માહિતી મુજબ આ પ્રોજેક્ટને ચલાવવા માટે પ્રોફેસરોની વ્યવસ્થા કોલેજો દ્વારા કરવાની હતી પરંતુ કોલેજોના સંચાલક મંડળોએ આ માટે અંગ્રેજીના પ્રોફેસર અને કોમ્પ્યુટરના શિક્ષક માટે એનઓસીની માંગણી કરી હતી. પરંતુ શિક્ષણ વિભાગે આ મંજુરી આપી ન હતી. જેના કારણે રાજ્યની મોટાભાગની કોલેજોએ સ્કોપ પ્રોજેક્ટની શરૂઆતનો મોટા પાયે કરી પરંતુ ધીમે ધીમે મેનેજમેન્ટ ખર્ચ વધતા અને વિદ્યાર્થીઓની નિરસતાના પગલે મોટાભાગની કોલેજોએ સ્કોપ પ્રોજેક્ટ સાથે ખાસ તૈયાર કરેલા વર્ગખંડને પણ તાળા મારી દીધા. ધીમે ધીમે કેટલીક કોલેજોએ આ વર્ગખંડો અને રાજ્યસરકારે ફાલવેલા કોમપ્યુટરોનો અન્ય જગ્યાએ ઉપયોગ કરવાનો શરૂ કરી દીધો. કેટલીક કોલેજોના બંધ વર્ગખંડોમાં આ કોમ્પ્યુટરો ધૂળ ખાઈ રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની વાત કરીને મોટા ઉપાડે સ્કોપ પ્રોજેક્ટ શરૂ કરનાર શિક્ષણ વિભાગે પણ તેના તરફ ધ્યાન આપ્યુ નથી. જેના કારણે પ્રત્યેક કોલેજ દિઠ ૨૫-૨૫ કોમ્પ્યુટરો અને ૧૫-૧૫ લાખ રૂપિયા સુવિધાઓના ખર્ચ લેખે ૫૦૦ કોલેજોમાં કરાવેલ કરોડો રૂપિયાના ધૂમાડા છતાં આજે પરિણામ શૂન્ય છે. રાજ્યની ૫૦૦માંથી માત્ર ૫૦ કોલેજોમાં સ્કોપ પ્રોજેક્ટ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યા છે. બાકીની તમામ કોલેજોમાં કરોડો રૂપિયાના આંધણ બાદ આજે કોમ્પ્યુટરો ધૂળ ખાઈ રહ્યા છે.



સિન્ડિકેટ બેંકના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર મધુકાંત સંઘવી ગુજરાત સરકારના આમંત્રણને માન આપી બેંકના ઉચ્ચ સ્તરના ડેલીગેટસ સાથે વાયબ્રન્ટ સમિટ ૨૦૧૩માં હાજર રહ્યા હતા અને ગુજરાત સરકાર સાથે રૂ. ૧૦,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કર્યા હતા અને રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી તથા ગુજરાતના વિકાસ માટે બેંક પુરી નિષ્ઠાથી કાર્ય કરે છે અને ભવિષ્યમાં પણ કરતી રહેશે તેમ વિશ્વાસ આપ્યો હતો.




આમને દાખલ કરવા આવી છું.. દોરાથી આંગળી કપાઈ ગઈ છે, ઊંધીયાથી પેટ બગડ્યું છે એમ્પ્લી ફાયરથી બન્ને કાન અને મગજ બંધ થઈ ગયું છે... ક્યારે પાછા લેવા આવું...!!

## એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ઝૂંપડપટ્ટીના બાળકોને શેરડી, તલ અને મમરાના લાડુનું વિતરણ

ગાંધીનગર, તા.૧૫

મકરસંક્રાંતિ એ દાન-પુણ્યનો અનેરો મહિમા છે. આ શુભ પર્વે ગાંધીનગર શહેરના એકલવ્ય એજયુકશન ટ્રસ્ટ દ્વારા નગરના જુદા જુદા વિસ્તારોની ઝૂંપડપટ્ટીઓ અને ફૂટપાથ ઉપર રહેતા ગરીબ વર્ગોના બાળકોને મમરાના લાડુ, તલની ચીકી અને શેરડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ હરેશ સિસારાનાં હસ્તે જુદા જુદા વિસ્તારોની ઝૂંપડપટ્ટીઓ અને ફૂટપાથ ઉપર રહેતા ગરીબ વર્ગના બાળકોને મમરાનાં લાડુ, તલની ચીકી તથા શેરડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાનાં આગેવાનોમાં જયેશ આંબલીયા, બી.કે. પટેલ અને અરવિંદ કવાડ તથા નટુ સિસારા વગેરે ખાસ હાજર રહ્યા હતા. અને ગરીબ બાળકોને તલની ચીકી વગેરે વસ્તુઓ વહેંચી હતી.

## અમદાવાદની એકેય કોલેજમાં સ્કોપ નથી

અમદાવાદ, તા.૧૫

રાજ્યની ૫૦૦ કોલેજો અમદાવાદની પણ તમામ આર્ટ્સ અને કોમર્સ કોલેજોને સ્કોપ પ્રોજેક્ટ આવરી લેવામાં આવી હતી. મોટા ભાગે કરોડો રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ શરૂ પણ કરવામાં આવ્યો હતો પણ આશ્ચર્યની વાત તો એ છે કે અમદાવાદની એક પણ કોલેજોમાં આ સ્કોપ પ્રોજેક્ટ આજે કાર્યરત નથી એક પણ કોલેજોમાં આજે આ પ્રોજેક્ટના અવશેષો પણ જોવા મળતા નથી. ઉલ્લેખનીય છે કે સ્કોપના અમલમાં શિક્ષણના હિમાયતી ગણાતુ અમદાવાદ શહેર ગ્રામ્ય વિસ્તાર કરતા પણ પછાત સાબિત થયુ છે.

# શિક્ષકોને પરીક્ષાઓ માટે ઉપયોગી પ્રશ્નોત્તર

શિક્ષકો TAT/TET દ્વારા લેવાતી તથા કર્મયોગી તાલીમ વખતે જે પરીક્ષાઓ આપે છે તે માટે ઉપયોગી પ્રશ્નાવલિ છે, જે ક્રમશઃ છપાશે. - તંત્રી

(૧) જો A ના પિતાની પુત્રી B ની માતા હોય તો B ને A શું થાય?
(ક) ભાઇ (ખ) પિતા
(ગ) કાકા (ઘ) મામા

(૨) હિતેશ પ્રસ્થાન બિંદુથી ચાલવાનો પ્રારંભ કરે છે. તે ૩ કિ.મી. પશ્ચિમ દિશામાં ચાલે છે. પછી તે પોતાની જમણી તરફ વળી પાછો ૩ કિ.મી. ચાલે છે. તો તેનું મોં કંઇ દિશામાં હશે?
(ક) પૂર્વ (ખ) પશ્ચિમ
(ગ) ઉત્તર (ઘ) દક્ષિણ

(૩) હરેશનો જન્મ ૧૧ ઑગસ્ટે થયો છે. મહેશ તેનાં કરતાં ૧૪ દિવસ મોટો છે. આ વર્ષે સ્વતંત્રતા દિન સોમવારે છે તો મહેશનો જન્મદિન કયા વારે આવે?
(ક) ગુરૂવારે (ખ) સોમવારે
(ગ) શનિવારે (ઘ) રવિવારે

(૪) BCD : ZYX : DCB :________
(ક) XYZ (ખ) YXZ
(ગ) YZX (ઘ) XYZ

(૫) Z, A, Y, B, X, C ______ અહીં કયો મૂળાક્ષર મૂકવાથી શ્રેણી બનશે?
(ક) V (ખ) D
(ગ) W (ઘ) Y

(૬) કયા શિક્ષણકારે દુનિયામાં પહેલવહેલી શાળાની સ્થાપનાને 'શિક્ષણ જગતની પ્રથમ ક્રાંતિ' ગણાવી?
(ક) ડૉ. રાધાકૃષ્ણન્ (ખ) એરિસ્ટોટલ
(ગ) એરિક એરિબ (ઘ) રૂસો

(૭) પાશ્ચાત્ય દર્શનશાસ્ત્રીઓના મતે કેળવણી એટલે...?
(ક) વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ
(ખ) અભ્યાસક્રમ મુજબ વર્ગ શિક્ષણ કાર્ય
(ગ) વ્યક્તિનો આંશિક વિકાસ
(ઘ) પરીક્ષાઓ અને મૂલ્યાંકન

(૮) શિક્ષણમાં 'બાળ સાહિત્યના બ્રહ્મા' તરીકે કોણ ઓળખાય છે?
(ક) નાનાભાઈ ભટ્ટ (ખ) ગિજુભાઈ - 'મૂછાળી મા'
(ગ) જીવરામ જોષી (ઘ) હરીશ નાયક

(૯) કિંડર ગાર્ટન શિક્ષણ પ્રણાલિના પ્રણેતા કોણ હતા?
(ક) મેડમ મારિયા મોન્ટેસરી (ખ) ફ્રેડરિક ફ્રોબેલ
(ગ) રવીન્દ્રાથ ટાગોર (ઘ) વિનોબા ભાવે

(૧૦) આદર્શવાદના મતે બાળકના વિકાસ માટે પાઠ્યક્રમમાં કઈ ત્રણ બાબતોનો સમન્વય કરવો જોઈએ?
(ક) માહિતી, પરીક્ષણ, મૂલ્યાંકન
(ખ) આનંદ, માહિતી, સ્પર્ધાઓ
(ગ) જ્ઞાનાત્મક, ભાવાત્મક, ક્રિયાત્મક
(ઘ) માહિતી, આનંદ, પ્રવૃત્તિઓ

(૧૧) 'શિક્ષણનાં ધ્યેયો હોતા નથી, ધ્યેયો માત્ર વ્યક્તિના હોય છે.' આ વિધાન કયા તત્ત્વચિંતકનું છે?
(ક) જ્હોન ડ્યૂઈ (ખ) રૂસો
(ગ) એરિસ્ટોટલ (ઘ) ચાણક્ય

(૧૨) વિદ્યાર્થીના ગતિશીલ કે લચીલા મનનો વિકાસ કયા વાદનું પરિપ્રેક્ષ (સૂચિત) છે?
(ક) પ્રકૃતિવાદ (ખ) વ્યવહારવાદ
(ગ) આદર્શવાદ (ઘ) સમાજવાદ

(૧૩) કોની પધ્ધતિ વ્યવહારવાદના સિધ્ધાંત પર આધારિત છે?
(ક) વિલિયમ્સની (ખ) એરિસ્ટોટલની
(ગ) ફ્રોબેલની (ઘ) જ્હોન ડ્યૂઈની

(૧૪) શિક્ષણ અને મનોવિજ્ઞાન વચ્ચે સંબંધ સ્થાપિત કરવાનો યશ કોને ફાળે જાય છે?
(ક) સ્કીનર (ખ) થોર્નડાઈક
(ગ) સિંગ્મંડ ફ્રોઈડ (ઘ) પેસ્ટેલોજી

(૧૫) 'મનોવિજ્ઞાને પહેલા આત્મા ગુમાવ્યો, પછી મન ગુમાવ્યું, તે પછી ચેતના ગુમાવી અને હવે તે માત્ર એક પ્રકારના વર્તનનું શાસ્ત્ર રહ્યું છે.' આ વિધાન કોનું છે?
(ક) પાવલોવ (ખ) વુડવર્થ
(ગ) સી.ટી. મોર્ગન (ઘ) સ્કીનર

(૧૬) કોણે કોના પર પ્રયોગ કર્યા - સાચી હકીકત જણાવો.
(ક) થોર્નડાઈકે - બિલાડાઓ પર
(ખ) ટ્રિયોને - સસલાં પર
(ગ) પાવલોવે - છછુંદર પર
(ઘ) લેગાગ દંપતીએ એકદળ જોડિયાં બાળકો પર

(૧૭) 'વાહ', 'સરસ', 'શાબાશ' જેવાં સુંદર ઉદ્ગારો શિક્ષક વાપરે એ કયા ઘટકમાં ગણાય?
(ક) લાગણીનો સ્વીકાર (ખ) વિદ્યાર્થીની પહેલ
(ગ) પ્રશંસા ને પ્રોત્સાહન (ઘ) વર્ગસૂચના આપવી

(૧૮) 'ન સમજાયું' ફરી સમજાયું? આકૃતિ દ્વારા સમજાવું? ખરૂં ને? શિક્ષક જયારે આ શબ્દો બોલે તો તે કયા ઘટકમાં ગણશો?
(ક) વિષયવસ્તુની રજૂઆત
(ખ) વિદ્યાર્થીના પ્રશ્નનો પ્રતિભાવ
(ગ) લાગણીનો સ્વીકાર
(ઘ) વર્ગ સમસ્યાઓ દૂર કરવી

(૧૯) શાળામાં દરેક વિદ્યાર્થીનું સંગૃહિત માહિતીપક્ષક રાખવાનું કયા પંચે સૂચવ્યું છે?
(ક) યુનિવર્સિટી શિક્ષણ પંચે
(ખ) માધ્યમિક શિક્ષણ પંચે
(ગ) ઢેબર પંચે (ઘ) રાષ્ટ્રીય શિક્ષણ પંચે

(૨૦) મધ્યવર્તી સ્થિતિનું સૌથી આધારભૂત અને ચોક્કસ માપ કયું છે?
(ક) મધ્યસ્થ (ખ) મધ્યક
(ગ) બહુલક (ઘ) પ્રાપ્તાંક

(૨૧) જો સહસંબંધની કિંમત ઋણમાં મળે તો બે ચલ વચ્ચે કેવો સંબંધ હોય છે?
(ક) સમ (ખ) અસ્પષ્ટ
(ગ) ઘનાત્મક (ઘ) વ્યસ્ત

(૨૨) નીચેનામાંથી કોને જ્ઞાનનો અત્યાધુનિક અસીમ જ્ઞાનો સ્ત્રોત ગણીશું?
(ક) ટેલિવિઝનના શૈણિક કાર્યક્રમો
(ખ) ઈનામીને શ્રેષ્ઠ પુસ્તકો
(ગ) શૈક્ષણિક સામયિકો
(ઘ) ઈન્ટરનેટ

(૨૩) ફિલ્મ સ્ટ્રીપની મર્યાદા નીચેનામાંથી કઈ છે?
(ક) તેમાં ગતિ દર્શાવી શકાતી નથી
(ખ) તેમાં ચિત્રો યોગ્ય ક્રમમાં હોતાં નથી
(ગ) તે ખૂબ મોંઘી મળે છે
(ઘ) તેમાં ચિત્રો અને લખાણ હોય છે

(૨૪) સ્લાઈડ પ્રૉજેક્ટમાં સ્લાઈડ કરી રીતે મૂકવામાં આવે છે?
(ક) ઊંધી (ખ) સીધી
(ગ) ત્રાંસી (ઘ) ગમે તે રીતે

(૨૫) 'વ્યાસ ચેનલ' કઈ સંસ્થા દ્વારા શરૂ થઈ છે?
(ક) બાયસેક (ખ) યુજીસી
(ગ) ઈન્ગૂ (ઘ) ડી.ડી. ગિરનાર

(૨૬) મલ્ટીપલ ઈન્ટેલિજન્સનો મહત્ત્વનો સિધ્ધાંત કોણે આપ્યો?
(ક) સિગ્મંડ ફ્રોઈડ (ખ) રોબર્ટ સ્ટર્નબર્ગ
(ગ) ડેનિયલ ગોલમેન (ઘ) થોર્ડ ડાઈક

(૨૭) અસરકારક વર્ગશિક્ષકનું મહત્ત્વનું લક્ષણ કયું?
(ક) તે વર્ગમાં સારી શિસ્ત જાળવે છે
(ખ) તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઓળખી શકે છે
(ગ) તે પોતાના વિષયમાં નિપુણ હોય છે
(ઘ) તે વર્ગમાં સારી પ્રત્યાયનશક્તિ ધરાવે છે

(૨૮) જયારે વ્યક્તિ પોતાના દોષ, ભૂલ, ખામીઓ બીજા પર ઢોળી દે ત્યારે તે કઈ બચાવ પ્રયુક્તિનો ઉપયોગ કરે છે?
(ક) સ્થાનાંતર (ખ) પ્રક્ષેપણ
(ગ) તાદાત્મ્ય (ઘ) આક્રમકતા

(૨૯) એક જ વયજૂથમાં છોકરા-છોકરીઓમાં કંઇ બાબતમાં વિદ્યાર્નીથીઓ ચડિયાતી દેખાય છે?
(ક) ઊંચાઇ અને વજન (ખ) વૈજ્ઞાનિક શક્તિ
(ગ) ભાષા કૌશલ્યો (ઘ) હસ્તાક્ષર

(૩૦) 'માનવીએ સતત પુરૂષાર્થભર્યા પ્રયાસો કરવા જોઈએ' - એવું શિક્ષણનો કયો વાદ સૂચવે છે?
(ક) પ્રકૃતિવાદ (ખ) સમાજવાદ
(ગ) વ્યવહારવાદ (ઘ) આદર્શવાદ

(૩૧) વિશેષ પ્રકારની કુશળતા, આવડત, યોગ્યતા કે અભિરૂચિનો અર્થ શું થાય?
(ક) મનોવલણો (ખ) રસરૂચિ
(ગ) પ્રેરણા-પ્રોત્સાહન (ઘ) અભિયોગ્યતા

(૩૨) તરૂણાવસ્થા બીજા કયા નામની ઓળખાય છે?
(ક) કુમારાવસ્થા (ખ) કિશોરાવસ્થા
(ગ) પૌગંડાવસ્થા (ઘ) યુવાઅવસ્થા

(૩૩) શિક્ષકે વર્ગમાં બાળકોને કેવા પ્રકારના પ્રશ્નો પૂછવા જોઈએ?
(ક) અટકળ પોષક (ખ) સમર્થન આપે તેવા
(ગ) દિશાસૂચક કરે તેવા (ઘ) માત્ર નિબંધલક્ષી

(૩૪) સેટેલાઈટ ટેલિવિઝન ઍક્સપરિમેન્ટનો પ્રયોગ કેટલા રાજયોમાં અમલમાં છે?
(ક) ત્રણ (ખ) ચાર
(ગ) પાંચ (ઘ) છ

(૩૫) પ્રશ્નપત્રને તૈયાર કરવાની બ્લ્યૂ પ્રિન્ટમાં કયા પરિણામનો સમાવેશ થતો નથી?
(ક) અધ્યયનક્ષેત્ર (ખ) પ્રશ્નના પ્રકાર
(ગ) ક્ષમતા ક્રમાંક (ઘ) પરીક્ષા સંચાલન

(૩૬) 'પ્રોજેક્ટ એક સમસ્યાત્મક ક્રિયા છે જે સાહજિક રીતે જ પૂર્ણ કરી શકાય.' આ વિધાન કોનું છે?
(ક) રૂસો (ખ) પ્લેટો
(ગ) ડૉ. કિલ પેટ્રિક (ઘ) મોન્ટેસરી

(૩૭) થોર્નડાઈક દ્વારા અધ્યયનનો કયો નિયમ નક્કી કરવામાં આવ્યો હતો?
(ક) સફળતાનો (ખ) નિષ્ફળતાનો
(ગ) હાજર જવાબીપણાનો (ઘ) તત્પરતાનો

(૩૮) પ્રોજેક્ટ પધ્ધતિના સાંપ્રત પ્રવર્તક કોણ ગણાય છે?
(ક) ડૉ. કિલ પેટ્રિક (ખ) જે.બી. વૉટસન
(ગ) બી.એફ. સ્કીનર (ઘ) જહોન ડયૂઈ

(૩૯) 'જ્ઞાનવાણી' ચેનલનો ઉપયોગ કઈ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે?
(ક) નિરમા યુનિવર્સિટી (ખ) ચિલ્ડ્રન યુનિવર્સિટી
(ગ) ઈન્દિરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટી
(ઘ) કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી

(૪૦) 'તિલક અંધારામાં ખુરશી સાથે અથડાય છે, એ પછી તે ખુરશીને લાતો મારે છે.' - આ કયા પ્રકારની બચાવ પ્રયુક્તિ છે?
(ક) આક્રમકતા (ખ) યૌક્તિકીકરણ
(ગ) ક્ષતિપૂર્તિ (ઘ) પ્રક્ષેપણ

(૪૧) 'ટર્મેનિયમ બાળકો' એટલે કેવાં બાળકો?
(ક) મંદબુધ્ધિ (ખ) પ્રતિભાશાળી
(ગ) સામાન્ય (ઘ) નબળાં

(૪૨) 'સિધ્ધિ પ્રેરણાંક' માપવાનો ટેસ્ટ કયો છે?
(ક) TAT (ખ) TET
(ગ) TST (ઘ) GAT

(૪૩) 'એક વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરતાં રૂપલબેનને સમજાય છે કે બ્લૅકબોર્ડ પર તેમનાથી ભૂલથી વિષયવસ્તુ ખોટું લખાઈ ગયું છે તો તેઓ શું કરશે'?
(ક) બ્લેક બોર્ડમાં વિદ્યાર્થીને ભૂલ શોધી કાઢવાનું કહેશે
(ખ) બ્લેકબોર્ડ સાફ કરી ફરીથી લખશે
(ગ) ભણવવાનું બંધ કરી દેશે
(ઘ) વર્ગખંડમાં બીજી વાતો કરવા વળી જશે

(૪૪) ભારતમાં લઘુત્તમ સિધ્ધિ કક્ષા (M.L.L) નો વિચાર પ્રસરાવનાર જાણીતા કેળવણીકાર કોણ છે?
(ક) ડૉ. મોતીભાઈ પટેલ (ખ) ડૉ. રાધાકૃષ્ણન
(ગ) ડૉ. ડી.એસ. કોઠારી (ઘ) ડૉ. રવીન્દ્ર દવે

(૪૫) પાવલોવે કયા પ્રાણી પર તેમના પ્રયોગો કર્યા હતા?
(ક) અશ્વ (ખ) બિલાડી
(ગ) ચિમ્પાન્ઝી (ઘ) કૂતરાં

(૪૬) 'કિરણબેન પોતાની વહૂ પૂજાને ભરતકામ શીખવાડે છે.' આ કયા પ્રકારની કેળવણી છે?
(ક) અવૈધિક (ખ) નિરંતર
(ગ) અનૌપચારિક (ઘ) ઔપચારિક

(૪૭) વ્યક્તિને હૂંફ, આશ્વાસન, વિશ્વાસ અને ખાતરીનો અનુભવ કરાવવા માટેનું અગત્યનું વાહન કયું છે?
(ક) પ્રેમપત્ર (ખ) સ્પર્શ
(ગ) SMS (ઘ) મિલનમુલાકાત

(૪૮) ભારતમાં મનોવિજ્ઞાનને વિષય તરીકે સૌ પ્રથમ કઈ યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવેલો?
(ક) ગુજરાત (ખ) બેંગ્લોર
(ગ) કૉલકાતા (ઘ) શિકાગો

(૪૯) 'ધ્યાનની જનની' કોને કહેવામાં આવે છે?
(ક) ટેવ (ખ) શિક્ષણ
(ગ) જરૂરિયાત (ઘ) રસ

(૫૦) બ્લેક બોર્ડની શોધ કોણે કરી હતી?
(ક) જેમ્સ વોટ (ખ) જેમ્સ વિલિયમ્સ
(ગ) જેમ્સ વોટસન (ઘ) ડ્યૂઈ

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર

● ઉત્તરો :

(૧) ઘ (૨) ગ (૩) ક (૪) ઘ (૫) ખ (૬) ગ (૭) ક (૮) ખ (૯) ખ (૧૦) ગ (૧૧) ક (૧૨) ખ (૧૩) ગ (૧૪) ઘ (૧૫) ખ (૧૬) ક (૧૭) ગ (૧૮) ગ (૧૯) ખ (૨૦) ખ (૨૧) ઘ (૨૨) ઘ (૨૩) ક (૨૪) ક (૨૫) ખ (૨૬) ક (૨૭) ઘ (૨૮) ખ (૨૯) ગ (૩૦) ગ (૩૧) ઘ (૩૨) ગ (૩૩) ગ (૩૪) ખ (૩૫) ઘ (૩૬) ગ (૩૭) ઘ (૩૮) ક (૩૯) ગ (૪૦) ક (૪૧) ખ (૪૨) ક (૪૩) ક (૪૪) ઘ (૪૫) ઘ (૪૬) ગ (૪૭) ખ (૪૮) ગ (૪૯) ઘ (૫૦) ખ